જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૦/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યકતિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૮૫/૨૦૨૫**

નરોડાઃ શોભાબહેન શૈલેષ ફર્નાન્ડીસ (ઉ.વ.૫૦) (રહે. પનાસીયા રેસીડેન્સી દેવરાજ ફ્લેટની બાજુમા નરોડા) એ તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૫ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર મોતીમહેલ હોટલથી પોતાના ઘરે જવા માટે શટલ ઓટો રીક્ષામાં બેઠા હતા. જે રિક્ષામાં અગાઉથી ત્રણ પુરૂષો બેસેલ હતા. જે રિક્ષા નરોડા પાટીયા પહોંચતા રિક્ષા ચાલકે શોભાબહેનને ભાડું લીધા વગર રિક્ષામાંથી ઉતારી દીધા હતા. ત્યારબાદ શોભાબહેનએ પોતાના ઘરે જઈ બેગમાં તપાસ કરતા સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/–, કાનની બુટી બે જોડ કિમત રૂપિયા ૨૦,૦૦૦/– સોનાની વિંટી કિમત રૂપિયા ૫,૦૦૦/–, કાનમાં પહેરવાની શેર કિમત રૂપિયા ૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦/– જણાઈ આવેલ નહી જે મતા મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી શોભાબહેનની નજર ચુકવી ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૬/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ ખેમાસાગર નિર્મલભાઇ ખડશે (ઉ.વ.૨૭) (રહે. અંજતા ઇલોરાના મકાન થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૨૦/૧૦/૨૦૨૫ ના કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

નવરંગપુરાઃ નવરંગપુરા ઠાકોરવાસ શક્તિભવન ત્રીજા માળે રહેતા મિકાડો પરેશ ડેબાર્મા (ઉ.વ.૩૦) (મુળ વતન. મોહનપુર બોરકથલ બ્રિજમોહન ચોકડી ત્રિપુરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૨૦/૧૦/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પાર્થ દિનેશભાઇ ચલાવે છે.

નારોલઃ નારોલ કોમલ ફેક્ટરી પાસે દ્વારકાનગરી વિભાગ–૨ ખાતે રહેતા ઉપેન્દ્રસિંહ કરણસિંહ રાજપુત (ઉ.વ.૨૯) (મુળ વતન. ગામ–રનેરા તા–પોરસા જી.મોરેના મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી